**દિવાની દરખાસ્ત નં.૫૦/૨૦૦૮**

**આંક– ૮૫ લગત હુકમઃ–**

૧. સાંભળ્યા, અરજી તથા રજુઆતો ધ્યાને લીધી. કોર્ટ કમિશ્નર તરીકે નિમાયેલા આસીસ્ટન્ટ ટાઉન પ્લાનીંગ ઓફીસર કે જે આ કોર્ટના તા.૧૫.૦૪.૨૦૨૫ ના હુકમ મુજબ કમિશ્નર તરીકે કાર્યવાહી કરશે અને જો ભવિષ્યમાં જરુર પડશે તો તેના સિવાયના અન્ય અધિકારી પાસે પ્લાન સંબંધીત કાર્યવાહી કરવાનો હુકમ થઇ શકશે. સબબ અરજી પેરા–૭ (એ)(૧) થી માંગવામાં આવેલી દાદ આ તબકકે મંજુર કરવાની જરુરિયાત જણાતી નથી. અરજી પેરા–૭ (એ)(૨) થી માંગવામાં આવેલી દાદ સંબંધે જો સામાપક્ષ દ્ધારા અગાઉ રજુ કરવામાં આવેલ રિપોર્ટ અયોગ્ય હોવાનું જાહેર થશે તો સમગ્ર દરખાસ્તનો ખર્ચ સામાવાળા પાસેથી અરજદાર વસુલ કરી શકશે. સબબ સદર દાદ આ તબકકે મંજુર કરવાની જરુરિયાત જણાતી નથી. અરજી પેરા–૭ (એ)(૩) થી માંગવામાં આવેલી દાદ પણ મંજુર કરવાની જરુરિયાત નથી. કારણ કે અરજદારની અન્ય મિલ્કતો વાદગ્રસ્ત જગ્યાએ આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે જેની ઇન્કારી કરેલ નથી. સબબ આ તબકકે રિવ્યુ અરજી નામંજુર કરવામાં આવે છે.

– આ હુકમ આજરોજ તા.૧૮, માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૮/૦૪/૨૦૨૫
સ્થળઃ અમદાવાદ

**(ભરત લાલચંદ ચોઇથાણી)**
એડી.સેસન્સ જજ,(કોર્ટ નં.૧૪)
સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ
અમદાવાદ.
(કોડ નં.**જીજે ૦૦૬૯૦**)

N G BAROT